મોડાસાના દાવલી ગામે ભાડાના મકાનમાં નકલી ગુટખાનું કારખાનું ઝડપાયું

૧ આરોપી જબ્બે : ૨.૬૭ લાખનો મુદ્દામાલ જપ્ત

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના દાવલી ગામે છેલ્લા કેટલાય સમયથી રાજસ્થાની ૩ શખ્સો દ્વારા મકાન ભાડે રાખી કાળુ ધોળુ કરતા હોવાની ગંધ મોડાસા રૂરલ પોલીસને જાણ થતા બુધવારે મોડી રાત્રે દાવલી ગામે ત્રાટકી નકલી ગુટખા સહીત ૨૬૭૩૯૦ રૂ.નો મુદ્દામાલ જપ્ત કરી એક શખ્સને ઝડપી પાડી પોલીસ રેડ જોઈ ૨ આરોપીઓ ફરાર થઈ જતા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પોસઈ ચૌહાણે બંને આરોપીઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા. દાવલી ગામનો એક વ્યક્તિ પણ આ નકલી ગુટખાના કારોબારમાં સંડોવાયેલો હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસ તપાસ કરી ગયા પછી દાવલી નજીક વાંઘામાં નકલી ગુટખા અને દારૂની બોટલો કેટલાક શખ્સો ફેંકી જતા રહેતા વાંઘા નજીક લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવેલા દાવલી ગામમાં કેટલાક રાજસ્થાની શખ્સો દ્વારા મકાન ભાડા પેટે રાખી નકલી ગુટખાનું ગેરકાયદેસર કારખાનું ધમધમતું હોવાનું મોડાસા રૂરલ પોલીસને જાણ થતા બુધવારે મોડીરાત્રે છાપો મારતા મકાનમાંથી વિમલ, તુલસી તથા મિરાજનું ડુપ્લીકેટીંગ કરતા મશીનો, તમાકુ તથા ખોખા સહિતનો ૨૬૭૩૯૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પડી અશોક મદનલાલ મહેશ્વરી હાલ રહે-દાવલી (મૂળ રહે. શીલસન, તા-ભીનમાલ(જાલોર-રાજસ્થાન)ને ઝડપી પાડી પોલીસ રેડ જોઈ ભાગી જનાર શંકર તથા જીતુ નામના શખ્સોને ઝડપી પાડવા મોડાસા રૂરલ પોલીસ જાહેર કરનાર સુરસિંહ રતનસિંહ (અહેકો-મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન) ની જાહેરાતના આધારે પોસઈ ચૌહાણે ફરાર બંને આરોપીઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે દાવલી પંથકમાં ચર્ચાતી ચર્ચા મુજબ દાવલી પાટિયા નજીક નકલી સાબુ બનાવવાનું કારખાનું પણ ધમધમતું હોવાનું અને નકલી ગુટખા તથા નકલી સાબુનું અસલી જેવું પેકેજીંગ કરી અરવલ્લી જિલ્લા સહીત ગ્રામ્ય વિસ્તારો અને રાજસ્થાનના આદિવાસી સમૂહ ધરાવતા પટ્ટામાં વેપલો કરી રૂપિયા રળી લેતા હોવાનું અને કેટલાક કાળાબજારિયા અને હોલસેલરો અને દુકાનદારોને વધુ રૂપિયાના નફાની લાલચ આપી લાલચુ હોલસેલ વેપારીઓ અને દુકાનદારો મારફતે સમગ્ર કાળો કારોબાર ચલાવવામાં આવતો હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે મોડાસા રૂરલ પોલીસ નકલી ગુટખા મામલે તટસ્થ તપાસ કરી ગુન્હેગારો સામે સખ્ત કાર્યવાહીની માંગ પ્રબળ બની છે.

આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાશશીલ યુગમાં વિદ્યાર્થીઓ આબોહવા પરિવર્તન વિષયવસ્તુ પર જાણકારી મેળવે તે હેતુસર શ્રી સીબુટાલા સેકન્ડરી અને શ્રી જી.બુટાલા હાયર સેકન્ડરી સર્વોદય હાઈસ્કૂલ, વી.બી. મોડાસાના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને સાયન્સ એક્સપ્રેસ ક્લાઈમેટ એક્શન સ્પેશીયલ પ્રોગ્રામ અન્વયે ભારત સરકાર દ્વારા આયોજિત ફરતા વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાતે અડાલજ, અમદાવાદ મુકામે એ.એ. દરજીના માર્ગદર્શન હેઠળ અને આચાર્ય રાકેશભાઈ મહેતાની પ્રેરણાથી લઈને ગયા હતા.

પ્રાંતિજના ટોલનાકા પાસે ચપ્પાની અણીએ લૂંટ

રાત્રીના સમયે ટ્રકની બારીની રીબીન કાપીને કાચ તોડી અંદર પ્રવેશ કર્યો : ૫૭૦૦૦ની લૂંટ કરી લુંટારૂઓ ફરાર થતાં પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કતપુર પાસે આવેલ ટોલનાકા પાસે રાત્રીના સમયે ટ્રકચાલક પાસેથી ચપ્પાની અણીએ રોકડ રકમ બે મોબાઈલ સહિત કુલ ૫૭૦૦૦ની લૂંટ થતાં પોલીસ ફરીયાદ થઈ છે.

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે રાત્રીનાં સમયે રોડની સાઈડમાં ટ્રક નં જેએચઓ ૨વી.૭૬૪૪નો ચાલક ટ્રક ઉભી રાખીને કેબીનમાં સુઈ ગયાં હતાં. તે સમયે રાત્રીનાં ત્રણ કલાકે કોઈ અજાણ્યા ચાર લુંટારૂઓએ ટ્રકની કાચની બારીની રીબીન કાપી કાચ કાઢી ટ્રકના કેબીનમાં પ્રવેશ કરી સુતેલા દ્વાયવરને ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી તેની પાસે રહેલ ખીસ્સામાંથી ૨૫૦૦૦ તથા સીટની નીચે મુકેલ ૨૫૦૦૦ તથા ટ્રક દ્વાયવરનો મોબાઈલ જેની કિંમત- ૫૦૦૦ તથા કંડકટરનો મોબાઈલ જેની કિંમત- ૨૦૦૦ મળી કુલ- ૫૭૦૦૦ની લુંટ કરી લુંટારૂઓ નાશી જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ટ્રક ડ્રાયવર સુરજકુમાર ટુકલાલ મેહતા લશ્કીબાના ઝારખંડ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં પોલીસે અજાણ્યા ચાર લુંટારૂઓ વિરૂધ્ધ ગુનો નોંધી આગળ ની તપાસ હાથ ધરી છે.

બી.જે.વી.એમ. કોમર્સ કોલેજના પ્રા. ડૉ. પરેશ મોરધરા તથા વિદ્યાર્થી કેવલ પાવરાની રાજ્યકક્ષાના એન.એસ.એસ. એવોર્ડ માટે પસંદગી

વલ્લભવિદ્યાનગર, તા. ૧૫

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યા મંડળ સંચાલિત અને સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય (બી.જે.વી. એમ.કોમર્સ કોલેજ) વલ્લભ વિદ્યાનગરના રાષ્ટ્રીય સેવા યોજના (એ ન એ સ એ સ) વિભાગના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર, પ્રાધ્યાપક ડૉ. પરેશ મોરધરા તથા એન.એસ.એસ. સ્વયંસેવક કેવલ પાવરાની રાજ્ય કક્ષાના વર્ષ ૨૦૧૬-૧૭ના રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ) સેલ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા એન.એસ.એસ. એવોર્ડ માટેની પસંદગી થયેલ છે. આ એવોર્ડ તારીખ ૨૨-૦૯-૨૦૧૭ને શુક્રવારે કાંતીગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી ભુજ-કચ્છ ખાતે એનાયત થશે. આ વિશેષ સિધ્ધિ બદલ ચારૂતર વિદ્યા મંડળના માનનીય અધ્યક્ષ ડૉ. સી.એલ પટેલ, માનદ્ મંત્રી ડૉ. એસ.જી.પટેલ, જનરલ ડીરેક્ટર ડૉ. નિખીલ ઝવેરી, સરદાર પટેલ યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રો. ડૉ. શિરીષ કુલકર્ણી, એન.એસ.એસ. વિભાગના કો-ઓર્ડીનેટર ડૉ. ગુરસેવકસીંઘ સગ્ગું, કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કેતકી શેઠ, ડૉ. જાગૃતિબેન સુવેરા (એન.એસ. એસ. વિભાગના પૂર્વ કો-ઓર્ડીનેટર સરદાર પટેલ યુનિવર્સિટી), વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપ-પ્રમુખ શ્રીમતી રૂપલ વોરા તથા કોલેજ પરિવારના સર્વે સભ્યો તેમજ વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રાંતિજના તાજપુરમાં કપીરાજનો આતંક

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર ખાતે છેલ્લા એક અઠવાડિયાથી કપીરાજે આતંક મચાવ્યો છે અને ગામમાં એક યુવતી અને એક મહિલા કપીરાજના આતંકનો ભોગ બન્યાં છે.

મળતી માહિતી માહિતી મુજબ પ્રાંતિજના તાજપુર ખાતે કપીરાજે આતંક મચાવ્યો છે અને ગામમાં ધમાલ મચાવી છે અને વિવિધ મહેલ્લાઓમાં કુદમકુદ કરે છે અને મહિલાઓને કે બાળકો ઉપર અચાનક હુમલો કરે છે જયારે અંકિતાબા અશોકજી ઉ. વર્ષ- ૨૫ કે જેવો નળમાંથી પાણી ભરતાં હતાં તે સમયે એકદમ આવી પગ પકડી પાડી પગે બચકું ભર્યું હતું ત્યારે અંકિતાબાએ બુમબરાડા પાડતાં લોકો દોડી આવ્યાં હતાં અને કપીરાજને ભગાડયો હતો ત્યારે લોહી લુહાણ થઈ જતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે લઈ જવામાં આવ્યાં હતાં.

જયારે એક મહિલા રસોઈ બનાવતી હતી તે સમયે ઓચીંતા ત્રાટકીને લાફો માર્યો હતો ત્યારે હાલ તો ગામમાં કપીરાજને જોતાં જ લોકો ઉભી પુંછડીએ ભાંગે છે. અને ખેતરોમાં આવતાં જતાં લાકડીઓ હાથમાં લઈને જવું પડે છે. ત્યારે જવાબદાર તંત્ર દ્વારા આવા તોફાની કપીરાજને પાંજરે પુરવામાં આવે તેવી ગ્રામજનોની રાહ ઉઠવા પામી છે.

સોનાસણ હાઈસ્કુલનું ગૌરવ

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ખાતે આવેલ શ્રી સોનાસણ કેળવણી મંડળ હાઈસ્કુલમાં અભ્યાસ કરતો અંધ વિદ્યાર્થી બરછી ફેકમાં જીલ્લામાં પ્રથમ સ્થાન મેળવી ૫૦૦૦નું ઈનામ પ્રાપ્ત કર્યું છે.

રાષ્ટ્રીય અંધજન મંડળ દ્વારા ૧૦-૯-૧૭ ને રવિવારના રોજ સાબરકાંઠા- અરવલ્લી જીલ્લા શાળા દ્વારા આયોજિત દિવ્યાંગ અંધજન ખેલ મહાકુંભ યોજાયો હતો. જેમાં એથલેટીસક રમતો યોજવામાં આવી હતી. જેમાં

સોનાસણ ખાતે આવેલ સોનાસણ કેળવણી મંડળ હાઈસ્કુલમાં ધોરણ દસમાં અભ્યાસ કરતો અંધ વિદ્યાર્થી વાઘરી વિજયકુમાર અશોકભાઈ, ગામ. સેજવિકપુરનો વિધાર્થી બરછી ફેકમાં ભાગ લીધો હતો. અને જીલ્લા કક્ષાએ પ્રથમ નંબર લાવીને શાળા તથા પરિવાર તથા ગામનું નામ રોશન કર્યું છે. જ્યારે સરકાર દ્વારા વિદ્યાર્થીને ૫૦૦૦નું ઈનામ પણ આપવામાં આવ્યું છે. શાળાનાં આચાર્ય પી .કે. પટેલ, શૈલેષભાઈ રાવલ શાળા પરીવાર દ્વારા વિદ્યાર્થીને અભિનંદનની સાથે શુભ કામનાઓ પાઠવવામાં આવી હતી.

મહેસાણા જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળા યોજાશે

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લામાં ૨૦ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન પ્રાન્ત કક્ષાના ગરીબ કલ્યાણ મેળા યોજાનાર છે. આ મેળાની પુર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા કલેકટર એચ.કે. પટેલના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી.

મહેસાણા જિલ્લામાં ૨૦ સપ્ટેમ્બરે સંભવિત વડનગર ખાતે ખેરાલુ પ્રાન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાનાર છે. જેમાં વડનગર, સતલાસણા, ખેરાલું તાલુકા સહિત વડનગર અને ખેરાલું પાલિકાના લાભાર્થીઓને સીધી સહાય આપવામાં આવનાર છે. વડનગર ખાતે યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ નાથાભાઈ ચુનારા અને ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના સભ્ય દિનેશભાઈ અનાવાડીયા ઉપસ્થિત રેહનાર છે.

૨૧ સપ્ટેમ્બર ગુરૂવારે મહેસાણા અને વિસનગર પ્રાન્ત કક્ષાનો સંયુક્ત ગરીબ કલ્યાણ મેળો સંભવિત મહેસાણા ખાતે યોજાનાર છે. જેમાં મહેસાણા, ઉંઝા, વિસનગર અને વિજાપુર તાલુકા સહિત પાલિકાના લાભાર્થીઓ ઉપસ્થિત રહેવાના છે. આ ગરીબ કલ્યાણ મેળામાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષ આઈ.કે. જાડેજા ઉપસ્થિત રહેનાર છે.

૨૨ સપ્ટેમ્બરને શુક્રવારે કડી પ્રાન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો સંભવિત જોટણા ખાતે યોજાનાર છે. આ મેળામા બેચરાજી, કડી અને જોટાણા તાલુકાના લાભાર્થીઓ સહિત કડી પાલિકાના લાભાર્થીઓ ઉપસ્થિત રહેનાર છે. આ મેળામાં નાયબ મુખ્યમંત્રી સહિત વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયા સહિત અનુંસુચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન રમેશભાઈ સોલંકી ઉપસ્થિત રહેનાર છે.

ધનસુરા હાઈસ્કૂલનું ગૌરવ

અરવલ્લી જિલ્લા ખેલમહાકુંભ અને શાળાકિય રમતોત્સવમાં શ્રી જે.એસ. મહેતા

હાઈસ્કૂલનો વિદ્યાર્થી મૈતુલ રમેશભાઈ સથવારાએ ચક્રફેંકમાં બન્ને વિભાગની સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી શાળા ગામ અને સમાજનું ગૌરવ વધારવા બદલ કેળવણી મંડળના પ્રમુખ કાન્તિભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

અરવલ્લી જિલ્લામાં વધુ બે વ્યક્તિઓને શંકાસ્પદ સ્વાઈન ફલુ

અરવલ્લી, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં સ્વાઈનફલુ નામની બીમારીએ ભારે ભયનો માહોલ સર્જ્યો છે. લોકો સ્વાઈન ફલુ નામની બીમારીનું નામ પડતાની સાથેજ ફફડી ઉઠે છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં ગુરુવારે સ્વાઈન ફલુના શંકાસ્પદ લક્ષણો જણાતા મોડાસાના કઊીના ૪૦ વર્ષીય યુવાનને મોડાસાની હોસ્પિટલમાં અને ભિલોડાના શામળપુર ગામની ઉપ વર્ષીય મહિલાને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સઘન સારવાર હાથ ધરવામાં આવી હતી. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા બંને શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓના ઘરે અને આજુબાજુના વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરી સર્વેલન્સ હેઠળ રાખવામાં આવ્યા છે.

ખેડબ્રહ્મામાં નદીમાં ડુબી જવાથી મહિલાનુ મોત

ખેડબ્રહ્માની હરણાવ નદીમાં નહાવા ઉતરેલ મહિલા ઊંડા પાણીમાં ડુબી જતાં મોત નીપજ્યુ હતુ. જે અંગે તેના પતિએ પોલીસ સ્ટેશને જાણ કરી હતી. ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર હાલોલ તાલુકાના બળીયાદેવ ગામના વિક્રમભાઈ ઉર્ફે વિજયભાઈ બુધાલાલ નાયક છ માસથી તેમની પત્નિ કૈલાસબેન સાથે ખેડબ્રહ્માના દિપકભાઈ પટેલને ત્યાં ખેતમજૂરી રહેતા હતા. ગત બુધવારના રોજ વિક્રમભાઈના મામા ઉદેસિંહ દિવાજી નાયક વડાલી તાલુકાના નાદરી ગામે ભાગમાં રહેતા હોઈ તેમને મળવા સારૂ પતિ પત્નિ બન્ને જણા દિપકભાઈ પાસેથી ૧૦૦ રૂ. લઈ ચાલતા નાદરી જવા નિકળ્યા હતા.

રસ્તામાં હરણાવ નદીમાં પાણી હોઈ કૈલાસબેન (૪૦ વર્ષ) પાણીમાં ઉતરી નહાવા બેઠા હતા અને ઉંડા પાણીમાં ઉતરી પડતા વિક્રમભાઈએ બુમાબુમ કરતા આજુબાજુ કોઈ ના હોઈ મદદે કોઈ આવેલ નહી, તરતા આવડતુ ન હોઈ વિક્રમભાઈએ કૈલાસબેને ચોટલો પકડી બહાર ખેંચી તપાસ કરતાં મરણ ગયેલાનુ માલુમ પડેલ. જેથી વિક્રમભાઈએ ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

શામળાજીના પાલ્લાની સીમમાં રિક્ષામાં સંતાડાયેલ વિદેશી દારૂ પકડાયો

શામળાજી, તા. ૧૫

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો અમલ ફક્ત કાગળ પર જ હોય તેમ ઠેર ઠેર વિદેશી દારૂની હાટડીઓ અને હોમડીલેવરી પુરી પાડતા બુટલેગરો ખુલ્લેઆમ વિદેશી દારૂ અને બિયરનો વેપલો કરી દારૂબંધીની મજાક ઉડાવી રહ્યા હોય તેવા અનેક કિસ્સાઓ દરરોજ પોલીસે ચોપડે નોંધાતા હોય છે. ત્યારે દારૂબંધીનો ફાયદો ઉઠાવવા કેટલાક બુટલેગરો દ્વારા નિતનવા નુસખા અપનાવી ગુજરાતમાં વિદેશી દારૂ ઘૂસાડવા સતત પ્રયત્નશીલ હોય છે. શામળાજી પોલીસે બુધવારે સાંજના સુમારે લોડિંગ રિક્ષામાં ગુપ્તખાનું બનાવી ગેરકાયદેસર વગર પાસપરમિટનો સંતાડેલો ૩૨૫૦૦ રૂ.નો વિદેશી દારૂ ઝડપી પાડી ફરાર લોડિંગ રીક્ષાચાલાક અને અન્ય શખ્સને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

શામળાજી પોલીસે બુધવારે સાંજના સુમારે પાલ્લા ગામની સીમમાંથી પસાર થતી પિયાગીઓ આપે રીક્ષા(ગાડી નં-જીજે.૨૩. ડબલ્યુ.૭૧૬૬) નો ચાલાક અને અન્ય શખ્સ પોલીસ પેટ્રોલિંગ જોઈ રસ્તામાં મૂકી ફરાર થયી જતા શામળાજી પોલીસે લોડિંગ રિક્ષામાં તપાસ કરતા પાછળના ભાગે ગુપ્ત ખાનું મળી આવ્યું હતું. જેમાં પેપરમાં લપેટેલી વિદેશી દારૂની જુદી જુદી કંપનીની બોટલો નંગ-૬૫ કિંમત રૂ. ૩૨૫૦૦ ગેરકાયદેસર પાસપરમીટ વગરની મળી આવતા કબ્જે લઈ શામળાજી પોલીસે લોડિંગ રિક્ષાની કિંમત રૂ.૧૦૦૦૦૦ તથા વિદેશી દારૂ ૩૨૮૦૦ મળી કુલ ૧૩૨૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી લોડિંગ રીક્ષા ચાલક અને અન્ય એક શખ્સ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

અરવલ્લી જિલ્લામાં મોડાસાના મોટી ઈસરોલ ગામે સમૂહ શ્રાદ્ધનું ગ્રામજનો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. પરસ્પર પ્રેમ, સદ્ભાવ અને સ્નેહને ઉજાગર કરતા આ સમૂહ શ્રાદ્ધના કાર્યક્રમ દરમિયાન ગામના તમામ સ્વર્ગવાસી માતાઓનું સમૂહ શ્રાદ્ધ વિધિવત પૂજાવિધિ-તર્પણથી કરવામાં આવ્યું હતું. તે પછી સમૂહ શ્રાદ્ધ ભોજન આબાલવૃદ્ધ સૌએ મોટેશ્વર મહાદેવના સાન્નિધ્યે યોજાતા અનેરો-અલૌકિક માહોલ સર્જાયો હતો.